


ફોન : ૨૩૨૨૬૨૫૧




એક બાજુ બરાકને બાથમાં રાખવા છે,
ને જિનપિંગને પણ, હાથમાં રાખવા છે,
સંગાથે સવારી બે ઘાડોની સરળ નથી -
ઉંદર અને બિલાડી, સાથમાં રાખવાં છે..
(હવે ચીનની યાત્રઆ!?)




સંસ્કાર-ચીલો
હવે બદલીમાં ય -
ઓવરટેક!
(પોલીસની ફરિયાદ)

થતું જાય છે,
ચોરી લૂંટ-ફાટમાં -
નંબર વન -
(રાજયની પ્રગતિ)

## ચિંતન

**સુસંદિગ્ધસ્ય ભૃત્યસ્ય દંતસ્ય ચાલિત્યસ ચ । અમાત્યસ્ય ચ દુષ્ટસ્ય મૂલાદુદ્ધરણં વરણં ॥**

'જે નોકર-ચાકર-કર્મચારીનું વર્તન-ચાલ-ચલગત વર્તન-દેખાવે જ શંકાસ્પદ હોય તેને,
જે દાંત મૂળમાંથી હલી ગયો હોય અને ડગ્યા કરતો હોય તેને,
અને જે મંત્રી - સલાહકાર દુષ્ટ-ખરાબનો હોય એને આ બધાને મૂળમાંથી જ કાઢી નાખવા.'

આ શ્લોકમાં સાચી સામાન્યનીતિ સમજાવવામાં આવી છે. કેટલાય નોકર-કર્મચારીનું વર્તન શંકાસ્પદ દેખાઇ આવે છે એની અન્યો સાથે ગુપ્ત વાતો-મૌન-ઓછું બોલવું - આંખ-ચહેરાના હાવભાવ-વિચિત્ર દૃષ્ટિથી જ એ શંકાસ્પદ લાગે છે એવાને મૂળમાંથી જ કાઢી નાખવો.

દાંત જ્યાં સુધી હલતો હોય ત્યાં સુધી ખાવા-પીવામાં તો નડે જ છે પણ જીભ અને મન એનો પીછો છોડતાં નથી. તેને હલબલાવ્યા જ કરે છે એટલે એને શખ્ય હોય તો જેમ બને તેમ તરત મૂળમાંથી કઢાવી નાખવો.

વાત વાતમાં ઉશ્કેરાઇ જતો-ખરાબ-સ્વભાવ અને ચારિત્ર્યવાળા દુષ્ટ મંત્રીને પણ, પ્રધાનમંડળમાંથી તાત્કાલિક દૂર કરવો.

## સુવિચાર

- ત્યાં સુધી મને ફેંકાઇ જવાનો ભય રહ્યો કર્યો જયાં સુધી મારી જાતમાં મને વિશ્વાસ ન હતો - **ડો. વીજળીવાળા**
- શૂરવીરો એવા હોય છે કે શુરવીરતા બતાવતી વખતે એના અંતિમ પરિણામ વિશે વિચારતાં નથી - **અરબી કહેવત**
- જન્મનું પ્રમાણપત્ર કહે છે કે તમે જન્મ્યા હતાં, મૃત્યુનું પ્રમાણપત્ર કહે છે કે તમે મૃત્યુ પામ્યા હતા, તમારી તસવીર કહે છે કે તમે જીવતાં હતા - **જાપાની કહેવત**
- ઘડીયાળની ટીક ટીક એકધારી કાને પડે તો સમજવું કે તમારી પાસે સમય જ સમય છે - **સમયસૂત્ર**
- જેને મૌન રહેતા નથી આવડતું એની વાણી બકવાસ બની જાય છે, જેને બોલતાં નથી આવડતું એનું મૌન નકામું બની જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખના દિવસોમાં મારી પોતાની જ આસપાસ સ્વાર્થની દિવાલ નહીં ચણું અને દુઃખના દિવસોમાં વિશાળ હરીયાળા મેદાનો, નદી, ફૂલ, ઝાડ, પવન ને યાદ રાખીશ - **કુંદનિકા કાપડીયા**
- પ્રતિભાવ આપવો (Response) હકારાત્મક છે, પ્રતિક્રિયા (Reaction) આપવી નકારાત્મક છે - **મુનિ જૈનચંદ્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણી પ્રાર્થના એટલે માગણીઓની યાદી અને એ ખૂબ લાંબી હોય છે. ખોટી અને અન્યાયી પણ હોય, એટલે સુધી કે પોતાના વિરોધીનો 'પગ ભાંગી નાખ' એવાં કામ પણ ભગવાન ને સોંપાય છે, પ્રાર્થના તો કયારેક ઉઘરાણીનું સ્વરૂપ પણ ધારણ કરે છે. ભગવાનને પણ સમય મર્યાદા આપી દે - આ ને પ્રાર્થના ન કહેવાય!!

મહાકાલી (કલકત્તા)ના પરમભક્ત શ્રી રામકૃષ્ણ પરમહંસ (૧૮૩૬ થી ૧૮૮૬) પરમહંસ મહાત્મા હતા. મહાકાલી સાથે સાક્ષાત સંવાદ કરતા.

એમને કેન્સર હતું. વયના અંતિમ પડાવે એ ખૂબ વધી ગયુ. પીડા સાથે દુખકર પણ હતું. એ જમાનામાં રેડિએશન અને કીમોથેરપી શોધાયાં ન હતાં. આ રોગ 'ભયંકર' કહેવાતો 'કેન્સર' એટલે 'કેન્સલ' એમ જ સૌ માનતા હતા. રામકૃષ્ણ કેન્સરની પીડા હસતે ચહેરે ભોગવતા હતા.

તેમના અનુયાયી ભક્ત શશીધરે, રામકૃષ્ણને કહ્યું - તમે તો માતાજી સાથે રૂબરૂ વાત કરો છો, તો આ રોગ મટાડવાનું કેમ કહેતા નથી?

સ્વામી રામકૃષ્ણ કહે - ભાઇ શશીધર, માતાજીને કયારે - કોને શું કેટલું આપવું. ન આપવું બધી જ ખબર છે, અને મેં આજ સુધી મા પાસે કંઇ માગ્યું જ નથી. તો હવે જયારે મરણ પથારી પર પડયો છું ત્યારે શા માટે માંગુ?!

Email - sureshchandrabhatt18@gmail.com

# આમ જોઇએ તો, શૂન્યની કોઇ કિંમત નથી - જો તે એકલી - અટૂલી હોય તો! પરંતુ જો તેને કોઇ આંકડાની પાછળ લગાવવામાં આવે તો તે અંકની કિંમત અનેકગણી વધારી દે છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

- સંપાદકો નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર 'દધિ'

'અભિનંદન'

ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ કે જેઓનું નામ ગુજરાતી સાહિત્યમાં એક અદના નવલકથાકાર અને વાર્તાકાર તરીકે મોખરે છે. ગુજરાતી ભાષામાંથી સૌથી વધુ સાહિત્ય જો હિન્દીમાં અનુવાદિત થયું હોય તો તે સાહિત્ય સાહિત્ય ડૉ.કેશુભાઈ દેસાઈનું સાહિત્ય છે. આમ તેમણે હિન્દી જગતમાં અખિલ ભારતીય સાહિત્યકાર તરીકેની માનવંતી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને, એક ગુજરાતી લેખક તરીકે, મા ગુર્જરીનું શિર ઊંચું રાખ્યું છે. તેમની અવિરત સાહિત્ય સેવાને લક્ષમાં લઈ; હિન્દી સાહિત્ય ક્ષેત્રે - સને ૧૯૧૦થી કાર્યરત સુપ્રસિદ્ધ પ્રતિષ્ઠાન 'હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ' દ્વારા, તે સંસ્થાનું સર્વોચ્ચ સન્માન અને 'સાહિત્ય વાચસ્પતિ' (ડૉકટર ઓફ લિટરેચર) ની માનદ ઉપાધિ એનાયત કરવામાં આવી રહેલ છે, જે આપણા માટે એક ગૌરવભરી અને ખુશીની વાત છે. હિન્દીના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર ડૉ. પ્રભાકર શ્રોષિયની સાથોસાથ આપણા ગુજરાતી સાહિત્યકાર નવલકથાકાર, વાર્તાકાર ડૉ. કેશુભાઈ દેસાઈને આ સર્વોચ્ચ સન્માન અને માનદ ઉપાધિ મળવા બદલ તેઓને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છાઓનો દધિ છલકતો રસથાળ સાદર અર્પણ.

**કાવ્ય સેતુ : યારો, માપમાં રાખો**

'દધિ' કહે છે યારો, બધું માપમાં રાખો.
હશે સઘળું માપ, નિશ્ચે અમૃતફળ ચાખો.
લૂણ આટામાં ખપાતું હોય તેટલું ખપે,
જો મૂઠીએ ધીબશો, પછી ઉકરડે નાખો!
અતિ કડવા થાશો તો, લોકો નાખશે થૂંકી,
થયા ખૂબ ઝીણા તો, ફૂંકીને મારશે ફાકો!
મીઢડા અતિ શાંતા, ચાવીને ખાઈ જશે લોકો
કામ, લોભ, અરે! સ્નેહને પણ માપસર રાખો!
અતિશય મીઠાશમાં પડે જીવાત જલ્દી,
મિતિમાં રહીને યારો, અતિથી દૂર ભાગો!
'અતિશય' હરદમ નોંતરે છે વિનાશ,
તેથી જ યારો, 'અતિ'ને ત્યજી, માપને સ્થાપો.
આ નથી શિખામણ, દધિ વીતી ધ્યાનમાં રાખો.
છું કારો ઉસ તેથી જ, મારૂં જળ કયાં ચાખો!?

- મૂળજીભાઈ પરમાર 'દધિ'

**અવળોક્તિ**

જે પુલ બનાવશે તે અનિવાર્યત : પાછળ
રહી જશે!
સેનાઓ ચાલી જશે પાર!
વધ થશે રાવણનો!
વિજયી થશે રામ!
પણ, જેઓ પુલના નિર્માતા છે,
તેઓ તો ઈતિહાસમાં વાનર તરીકે ઓળખાશે!

●●●

અમારૂં દાંપત્ય ખૂબ જ મઝાનું છે.
અડધો દિવસ હું પત્નીને પોતાનું ધાર્યું કરવા
દઉં છું અને બાકીનો અડધો દિવસ પત્ની
કહે તેમ હું કરું છું; એટલે અમારું ગાડું બરાબર ચાલ્યા કરે છે!

**શૂન્યનો સેતુ ને અનુસ્વાર - અષ્ટક**

જગતનિયંતાએ આ સૃષ્ટિનું શૂન્યમાંથી સર્જન કર્યું. શૂન્યરૂપ - ગોળ ભાસતી આ સૃષ્ટિ-પૃથ્વી પણ તેનું અમણોલ ઉદાહરણ છે! આમ જોઈએ તો, શૂન્યની કોઈ કિંમત નથી - જો તે એકલી - અટૂલી હોય તો! પરંતુ જો તેને કોઈ આંકડાની પાછળ લગાવવામાં આવે તો તે અંકની કિંમત અનેકગણી વધારી દે છે. આ શૂન્ય - બિંદી - અનુસ્વારની - કંઈ નહીં અને અનેકગણી કિંમત છે! સ્ત્રીના ભાલે શોભતી આ શૂન્ય - બિંદી - સ્ત્રીની મહત્તા-ઓળખાણ કરાવે છે. આ બિંદીના ઉપયોગને કારણે સ્ત્રીની સૌભાગ્યતા અને તેના જીવનની કમનસીબીનો આપણને ખ્યાલ આવે છે.

સાહિત્યમાં પણ આ શૂન્ય-બિંદી-અનુસ્વારનું મહત્ત્વ અતિ અગત્યનું અને અનેરું છે. જો આ બિંદી- અનુસ્વાર આડુ અવળું કે સ્થાનફેર થઈ જાય તો સાહિત્યમાં મહા હલચલ અરે! કહો કે ભૂકંપ પણ સર્જી શકે! આ બિંદી - અનુસ્વારને કારણે ઘણી વખત અર્થના અનર્થો સર્જે અને મુશ્કેલીમાં પણ મૂકાઈ જવાય! આપણા મૂર્ધન્ય કવિ 'સુંદરમ્' દ્વારા આ બિંદી- અનુસ્વારની ઉપયોગીતા બાબતે, તેના ઉપયોગ બાબતે 'હરિગીત છંદ' માં 'અનુસ્વાર - અષ્ટક' બનાવેલ છે. તેને જો આપણે કંઠસ્થ કરીને, તે મુજબનો ઉપયોગ કરીએ તો, જયાં ત્યાં અનુસ્વાર મૂકવાની આપણી ટેવ - કહો કે કુટેવ, જરૂર નિવારી - ત્યજી શકાય. તો આવો, અનુસ્વારનો જયાં ત્યાં - ગમે ત્યારે ઉપયોગ ન કરતા, તેને યથાસ્થાને મૂકવાનો આગ્રહ રાખીએ અને આ અનુસ્વારનો ગમે તેમ થતો ઉપયોગ ટાળી, ગરવી ગુજરાતી ભાષાને કઢંગી થતી બચાવીએ. અનુસ્વર - અષ્ટક ને જાણીએ - માણીએ અને સાહિત્યમાં અપનાવીએ.

- દધિ

**અનુસ્વાર - અષ્ટક (હરિગીત છંદ)**

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર શું,
મુજને સદા યોજે સમજથી, ચિત્ત બનશે ઈંદ્ર-શું;
મુજ સ્થાન કયાં મુજ શી ગતિ જાણી લિયો રસ-પ્રેમથી,
તો સજ્જ બનશો જ્ઞાનથી, સૌન્દર્યથી ને ક્ષેમથી... (૧)
તો પ્રથમ જાણો 'હું' અને 'તું' માં સદા મુજ વાસ છે,
આ જ્ઞાન વિણ 'હુ - હુ' અને 'તુ - તુ' સમો ઉપહાસ છે;
હું 'કરું' - 'વાંચુ' - 'લખુ' જો જો એમ લખશો લેશ તો,
મા-ભારતીયના રમ્ય વદને લાગતી શી મેશ જો... (૨)
નરમાં કદી નહિ, નારીમાં ના એકવચને હું રહું,
હું કિંતુ નારી-બહુવચનમાં માનવતું પદ ગ્રહું;
'બા ગયા,' 'આવ્યા બહેન મોટાં' એમ જો ન તમે લખો,
'બા ગયા', 'આવ્યા બહેન મોટા' તો પછી બનશે ડખો... (૩)
ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી,
લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જોજો જરી;
સૌ મુજ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને,
યાચું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને... (૪)
'શું ફૂલ પેલું શોભતું!' જો આવું પ્રેમે ઉચ્ચરો,
'શા ફૂલ પેલાં શોભતાં!' બહુવચનમાં વાણી કરો;
'મોજું' નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજા' બને,
'બમણાં' અને 'તમણાં' પછી 'અવગણ્યા' કોણ કહો ગણે? ...(૫)
ને બધું, પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા,
ને 'ઝાડ ઊંચાં' પર ચડો તો ના મને ગબડાવતાં;
'બકરા' અને 'બકરાં', 'ગધેડા' ને 'ગધેડાં' એક ના,
'ગાડાં' અને 'ગાંડાં' મહીં જે ભેદ, ભૂલો છેક ના... (૬)
ને જયાં ન મારો ખપ, મને ત્યાં લઈ જતા ન કૃપા,
નરજાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્ય ડરી;
કો મલ્લને એવું કહ્યું જો, 'કયાં ગયાં' તાં આપ જી?'
જો જો મળે ના તરત મુક્કાનો મહા-સરપાવ જી ... (૭)
તો મિત્ર, મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો,
લખતાં અને વદતાં મને આ સ્વપ્નમાંયે વિસ્મરો;
હું રમ્ય ગુંજન ગુંજતું નિત જ્ઞાનના પુષ્પે ઠરું,
અજ્ઞાનમાં પણ ડંખું -કિંતુ એ કથા નહિ હું કરું... (૮)

**(દોહરા)**

અનુસ્વારનું આ લખ્યું સુંદર અષ્ટક આમ,
પ્રેમ થકી પાકું ભણો, પામો સિદ્ધિ તમામ... (૯)
છાપે - છાપે છાપજો, પુસ્તક પુસ્તક માંહ્ય,
કંઠ - કંઠ કરજો, થશે શારત-માદ સહાય... (૧૦)
પાક્કો આનો પાઠ જો કરવાને મન થાય,
સૂચન એક સમર્પું તો, કમર કસી લો, ભાઈ! ... (૧૧)
નકલ કરો અષ્ટક તણી એકચિત્ત થઈ ખાસ,
અનુસ્વાર એંશી લખ્યાં પૂરાં, તો બસ પાસ... (૧૨)

-સુન્દરમ્

(કડી મુજબ અનુસ્વારોની સંખ્યા : ૮+૫+૧૩+૪+૧૪+૧૨+૯+ ૧૫=૮૦)

# પરમાત્માએ સમય આપ્યો છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરો, તેને ટૂંકાવી ન દો, જીવતા રહો, ચાલતા રહો, મળેલું જીવન સંતોષપૂર્વક જીવો, તેને કુમાર્ગે ન વેડફી દો

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

શ્રૃણ્વન્તુ વિશ્વે અમૃતસ્ય પુત્રાઃ
આ યે દિવ્યાનિ ધામાનિ તસ્થુઃ
વેદહ મેનં પુરુષં મહાન્તમ્

'તમો દિવ્યધામ વાસી અમૃતના પુત્રો છો તે મહાન પુરુષને પુરો જાણો.'

ગુરુદેવ ટાગોરે 'શાંતિનિકેતન'માં આપેલા પ્રવચનોમાં આ શ્રુતિ મંત્ર વિષયક વિચારો રજૂ કર્યા છે. ગુજરાતી સાહિત્ય પરિષદ શતાબ્દી ગ્રંથશ્રેણીમાં પ્રકાશિત થયેલા ગ્રંથમાંથી એ લેવામાં આવેલ છે. તત્કાલિન સમયમાં સમાજના વિવિધ ક્ષેત્રોમાં વારંવાર થતાં આકસ્મિક મરણો તથા આત્મહત્યાની ઘટનાઓ વિષયક સમાચારો વર્તમાનપત્રોમાં વાંચવા મળે છે. ઘટનાથી વિપુલતા જોતા એમ જ લાગે કે માણસને જન્મ કરતાં મરણ વધારે પસંદ છે. ચારે બાજુ વહેલું, સમય કરતાં પહેલાં મરવાની જાણે શરતો લાગી છે. જીવન જાણે ફેંકી દેવા જેવો કાંકરો હોય તેમ લોકો ફેંકી દે છે. નાની - મોટી વિષમયાથી કંટાળી - હારી કાળને આધિન થઇ જાય છે. થોડા સમય પહેલાં આત્મહત્યાની ઘટના ભાગ્યે જ બનતી. એકાદ ઘટના પણ ભારે હલચલ મચાવી દેતી. હવે તો જેમ લાંચ-રૂશ્વત લાખોમાં જ અપાય છે. તેમ આત્મહત્યાઓ સામુહિક થવા લાગી છે. પતિ-પત્ની બે - ત્રણ બાળકો - સાથે આત્મહત્યાઓ કરે છે. રસ્તા પર થતા અકસ્માતોમાં પાંચ-પંદર સહજ હોમાય જાય છે. સ્મશાનમાં વહેલું પહોંચવું હોય તેમ બેફામ ગતિથી ગાડી ચલાવવી, મોબાઇલ પર વાતો કરતાં બાઇક દોડાવવી, રસ્તામાં ટ્રાફિક જોયા વિના રસ્તા ઓળંગવા... આ તમામ મરણનો મહોલ વધારનાર પ્રસંગો બનતા રહે છે.

સંસારે હાલમાં એકધારું મૃત્યુને પકડી રાખ્યું છે. પણ એકધારી વહેલી આ મૃત્યુની ધારા એ માનવી માટે પરમ સત્ય કે કાયમી અંત નથી. માનવીએ જાગૃત થઇ વિચારવું જોઇએ. શા માટે આ આત્મહત્યા? પોતાના મૂળ સ્વરૂપને યાદ કરવા પ્રયત્ન કરવો ને પોતાની જાતને સમજાય તેવા ભાવ સાથે સ્પષ્ટ કહેવું કે આપણે મરણને આધિન થઇ જનારા સામાન્ય જંતુ નથી પરંતુ આપણે તો દિવ્યધામના નિવાસી છીએ. અમૃતના પરમાત્માના પુત્રો છીએ. આપણામાં જ દિવ્ય પ્રકાશનો પૂંજ છે. પ્રકાશ પૂંજને બુઝાવી દેવાનો આપણને કોઇ હક્ક નથી. મુશ્કેલીઓ આપણને નમાવી ન શકે. ખુદ પરમ - તત્વ પરમાત્મા એ જ કહ્યું છે તમો અમૃતના પુત્રો છો. મૃત્યુના પુત્રો નથી. મરણના માર્ગે અવચ ચાલનારા પામર પ્રાણી તમો નથી.

મરણને ગુલામીખત લખી આપનારા નબળા મનના માનવીને ગુરુદેવ ટાગોર કહે છે - તમો કયા લોકના નિવાસી છો તે જાણો તમારા પગ ભલે પૃથ્વીની માટીથી ખરડાયેલ હોય. તમારો આત્મા તો દિવ્યધામનો નિવાસી છે. તમો માટીના માનવી નથી પરંતુ પરમ - પ્રકાશમાં રાચતા દિવ્ય જીવો છે ભલે અત્યારે તમારી આજુબાજુ ગાઢ-અંધકાર ઘેરાયેલો હોય, ભલે કદાચ કંઇ ન સૂઝતું હોય પરંતુ શ્રુતિ વચન યાદ કરો. 'તમસ પર સ્તાત્' અંધકારને ભેદીને દિવ્ય - પ્રકાશનું આછેરું કિરણ તમારી સુધી અવશ્ય પહોંચવાનું જ. આ આત્મ - પ્રકાશને પુરેપુરો જાણો. મરણનો અંધકાર જરા પણ સત્ય નથી. સત્ય તો દિવ્ય પ્રકાશ, તમારું આત્મતેજ છે. એ તમારા ચિત્તમાં જ પ્રગટે છે. જે તમારા કષ્ટોને ભુલાવી શુદ્ધ જ્ઞાનના માર્ગ પર દોરી જાય છે. તમો કદાચ થાય કે કર્મની મલિનતા ખરાયેલા હશો તો પણ પરમાત્માની કૃપાનો વિપુલ પ્રવાહ તમને વધુ તાજગીસભર પુન્ય સ્વરૂપ પ્રદાન કરવી શકે છે.

પરંતુ માણસો નિરાશવાદી હોય છે. તેઓ સત્યના પ્રકાશને કે દિવ્ય - ધામને માત્ર કલ્પના જ માને છે. લોકોને મન અંધકાર જ સત્ય છે. ઘુવડ જેમ પ્રકાશને નથી જાણતું તેમ તેઓ સત્યને નથી જાણતા. આ પ્રકારની વિચારધારા ધરાવનારા વ્યક્તિએ જાણવું જોઇએ કે જો તેઓનું દર્શન સાચું હોય તો માનવજાતને વિકાસ થયો નહોત. માનવ ચિત્ત એટલે કે આત્મતત્વ તો અમરતા ધરાવે છે. મૃત્યુના પડદાને તોડી ને પાર નીકળી જાય છે. જેઓએ આ અમૃતનો સ્વાદ ચાખ્યો છે. તેઓ સૌ પોકારી પોકારીને કહે છે. મરણનો ભય છોડો, મરણ તરફ દોટ ન મુકો. મૃત્યુને તમારા પર સવાર ન થવા દો. પરમાત્માના વચનોને ખોટાં ન પાડો. જો કે માણસનો વિકાસ સાધવો એ ભારે મુશ્કેલ કાર્ય છે. દરેક વ્યક્તિ પોત-પોતાના સંસ્કાર - પ્રમાણે પોતાની આસપાસ નવાં નવાં આવરણો ઊભા કરતાં હોય છે.

માનવી કહે છે, 'મને એ સત્યના સૂર્યના પ્રકાશ પર જરાય વિશ્વાસ નથી, હું તો મારા કોડિયાના તેજને સાચું માનું છું.' માનવ - મનની આ ભ્રમણાં ભાંગવી જો જરૂરી છે. તેની ઢગલાબંધ માન્યતાઓ વિકાસના માર્ગમાં અવરોધક જ બનતી હોય છે. તેને તોડવા ભારે ક્રાંતિ કરવી જરૂરી છે. જે ચિત્તમાં પ્રગટવી જોઇએ. સ્વાર્થનો સંચય વધી જાય તો તેને ભસ્મીભૂત કરવો જોઇએ. આજકાલ સ્વાર્થ બુદ્ધિ અગ્રેસર છે. ત્યાં ધર્મ બુદ્ધિને સ્થાન અપાવું જોઇએ. માનવી પ્રકૃતિ દત્ત શક્તિ ધરાવે છે. પશુવૃત્તિ પર તે અવશ્ય કાબુ રાખી શકે છે. કારણ તે અમૃતનો પુત્ર છે. સૌ પ્રથમ આપણે આપણાં 'અહમ્' ને છોડવું જોઇએ. જે જવાનું છે તેને સદા માટે વળગી રહી શકાતું નથી. વળગણોથી જેમ જેમ છૂટી જઇએ તેમ તેમ પ્રકાશ પ્રાપ્ત થતો જાય છે. દેહસ્ય ભાવને કારણે મરણનો ડર લાગતો હોય છે. આ દેહ ક્ષણભંગુર છે તે સમજવું જોઇએ. આપણે ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ દેહ તો પડવાનો જ. કદાચ થોડો સમય અટકાવી શકાય પણ અંતે તો પરિણામ તેમ આવવાનું, જેને લાંબા સમયથી પકડેલ હોય તેને છોડવાનો જીવ નથી ચાલતો. પણ જીવન એ ફેંકી દેવાની ચીજ નથી. આજે ચારે તરફ નવ-સર્જનની હવા વહેલી થઇ છે. દરરોજ બદલાતી ટેકનોલોજી, નવી નવી શોધોને કારણે હવે જૂની જીર્ણ વિચારધારાને શા માટે વળગી રહેવું. દુઃખ કે દર્દનાં ઢગલા નીચે ભલે દબાયા હોઇએ, તો પણ મંગલ ધ્વનિના સૂરો આપણા કાનમાં ગુંજતા રહે છે કે આપણે તો અમૃતના પુત્રો છીએ. અંધકારના પેલે પારથી આવતા પ્રકાશના સત્કાર માટે તૈયાર રહો. આ પ્રકાશ તમને કહે છે જાગૃત થાઓ, તમારા કાયમના સુસ્ત શરીરમાં ચેતન ભરી લો. રોજ રોજ પ્રકૃતિ નવી નવી લીલાઓ રચે છે. તેના તરફ ધ્યાન આપો. પ્રકૃતિના રંગો સાથે જરા ઓતપ્રોત થતાં શીખો. તેનો સંદેશો સમજતાં શીખો. પ્રકૃતિ સમજાવે છે કે હર દિવસ, હર-ક્ષણ જીવનમાં નવિનતા, પરિવર્તન લાવવા પ્રયત્ન કરે. નબળાઇ, કાયરતા અને આ તો અમારાથી ન થાય - તેવી માન્યતા છોડો. સત્યને પામવાની લડાઇ આપણે જીતવાની છે.

ગુરુદેવ ટાગોરે પોતાના પ્રવચનમાં કહ્યું છે. 'આ માનસિક વૃદ્ધત્વ છોડી ચૈતન્યના, અમૃતના વહેતા પ્રવાહમાં ડૂબકી મારો. આનંદલોકમાં ફરવા માટે બહાર નીકળો. તારા મનના બારી બારણાં ઉઘાડી નાખ. ન ઉઘડે તો તોડી નાખ. નિંદા, પ્રશંસા, માન-અપમાન તમામને તુચ્છકારી કાઢ અસત્ય સામે લડવાનો અધિકાર ઇશ્વરે તને આપ્યો છે તેનો પૂરેપૂરો ઉપયોગ કર - મનમાં સ્થિરતા રાખી. યોગ્ય વિચાર કરી નિર્ણય લો. જીવતર નકામું માની તેને ફેંકી ન દો. જે કંઇ આજે નથી થયું તે આવતી કાલે અવશ્ય થવાનું તેવો વિશ્વાર રાખો. પરમાત્માએ સમય આપ્યો છે તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. તેને ટૂંકાવી ન દો. જીવતા રહો, ચાલતા રહો, મળેલું જીવન સંતોષપૂર્વક જીવો, તેને કુમાર્ગે ન વેડફી દો.'

**તા.ક. (ગુરુદેવના પ્રવચન અંશ)**

# તારો પ્રેમાળ સાથ છોડી એક નવા સાથ સાથે સુખના ભ્રમમાં તારા પ્રેમને અવગણી ભૂલો પડ્યો હતો, હવે એવી ભૂલ જિંદગીમાં કદી નહિ થાય

## નવો સાથ

- જય ગજ્જર

જે બની ગયું એની વ્યથામાં સાત દિવસથી માઇકની ઊંઘ ઊડી ગઇ હતી. જીવનમાં જાણે એક ચમત્કાર બન્યો! સારા સાથી મળ્યાનો આનંદ એક સપનાની જેમ સરકી ગયો હતો. ઓફિસમાં નવી આવેલ સુંદર લટકાળી યુવતીએ એની મોહજાળમાં એને ફસાવી દીધો હતો. પ્રેમાળ પત્નીનો સાથ છોડી એનો ભ્રામક સાથ સોહામણો લાગ્યો હતો. કેલીએ પતિના સુખ માટે ખુશ થઇ એનાં બંધનમાંથી મુક્ત કર્યો હતો. સાત દિવસથી પ્રેમભર્યા સુખી સંસારની યાદ હવે વસમી બનાવી રહી હતી. આજ સવારે ઉઠતાં જ માઇકની નજર બારીએ દોડી ગઇ.

એક કબૂતર ચાંચમાં એક કવર લઇ બેઠું હતું. જૂના જમાનામાં કબૂતરો સંદેશો લાવતા એ યાદ આવી ગયું. એ પલંગમાંથી ઊભો થઇને બારી પાસે ગયો.

એને આવતો જોઇ કબૂતર પાંખો ફફડાવી એક કવર મૂકી ઉડી ગયું. માઇકે આશ્ચર્ય સહ કવર ઉપાડી લીધું. પલંગમાં પાછા ફરી કરવર ખોલ્યું. મુંબઇથી કેલીનો પત્ર જોઇ આશાનું કિરણ ફૂટ્યું.

'માય ડીઅર માઇક, તું મારો પતિ હતો અને મારે મન હજુય છે. પેલી ડાકણે તને ભામ્રક પ્રેમ અને સેક્સના આનંદની જાળમાં ફસાવ્યો અને તું લલચાઇ સારા સાથ માટે ફસાઇ ગયો. મીઠા મધુર સહવાસની લાલચમાં ભોળવાઇ તેં બેન્કના આપણા જોઇન્ટ ખાતામાં મારું નામ કાઢી એનું નામ ઉમેર્યું. એ તને પ્રેમ નહોતી કરતી, તારા પૈસાને પ્રેમ કરતી હતી. સાંભળ્યું છે કે તારા પૈસા ગયા એમ એ પણ ગઇ ને? કયાં ગઇ ખબર છે? તારા પ્રિય મિત્રને લોટરી લાગ્યાના સમાચાર એના કાન સુધી પહોંચી ગયા અને અત્યારે એની સોડમાં ભરાઇને બેઠી છે!'

વર્ષોથી પ્રેમ કરતી પત્ની કેલીના પ્રેમનું તું ન સમજી શક્યો અને એક ડાકણની જાળમાં ફસાઇ ગયો. તારી સાથે ઝઘડો કે ફરિયાદ કર્યા વિના તને મુક્ત કરી હું મારા ડેડી પાસે આવી ગઇ. સાંભળવામાં આવ્યું છે કે તું મનથી ભાંગી પડયાં ડિપ્રેશનનો ભોગ બની ગયો છે. તે કદી ટેબલ પરથી પ્લેટ કે ગ્લાસ નથી ઊપાડ્યા. તને રસોઇ કરતાં નથી આવડતું. હું તારા કપડાં, તારી ટાઇ પણ તારા માટે તૈયાર રાખતી. હવે તું શું કરતો હોઇશ? કેવી રીતે જીવતો હોઇશ? હતાશાનો શિકાર બનતાં એકલતાનો ભોગ બની ગયો છે ને? તારી યાદ આવતાં તારી બહુ ચિંતા થાય છે. તને મેં સાચા દિલથી પ્રેમ કર્યો છે. તને મારાથી મુક્ત કરું તો એ ડાકણ સાથે તું સુખના સાગરમાં મહાલી શકે એટલે કમને મારા બાપને ઘેર આવી ગઇ. તારી જેમ નવો સાથ શોધ્યો નહિ કે હું બીજે પરણી નહિં. તારા સુખ અને આનંદ માટે પ્રભુને પ્રાર્થના રહી. પાડોશી સુઝન પાસેથી તારા સમાચાર જાણી બહુ દુઃખી છું, તને સુખી કરવા મન તારી પાસે દોડી આવવા ઝંખે છે. મારે મન હજું તું મારો પતિ છે અને કાયમ માટે રહેવાનો. તારો એક પ્રેમભર્યો પત્ર મળતાં હું દોડી આવીશ. પ્રેમમાં પડ્યા ત્યારે જેવા આનંદિત અને સુખી હતા એ દિવસોમાં પાછાં જોઇએ છે? તારાં પ્રેમ અને સંગ ઝંખતી તારી જ અભાગી કેલીની મીઠી યાદ'

કેળીની પ્રેમાળ છાયા આંખ સામે રમી રહી.

વધુ વિચાર્યા વિના માઇકે એક વાક્યમાં હૈયું ઠાલવ્યું.

'ડીઅર મને માફ કરજે. તારો પ્રેમાળ સાથ છોડી એક નવા સાથ સાથે સુખના ભ્રમમાં તારા પ્રેમને અવગણી ભૂલો પડ્યો હતો. હવે એવી ભૂલ જિંદગીમાં કદી નહિ થાય. આ ઘરનાં અને મારા દિલનાં દ્વાર તારે માટે સદા ખુલ્લાં જ છે - તારો સાથ ઝંખતો માઇક.'

પત્ર લખી કવરમાં મૂકી કેલીને રવાના કરી દીધો.